


"જોયાને ભવાડા..?! હું કે તો' તો જ કાલે..! કે તમારા ત્યાં બધુ રમણ-ભમણ થઈ જશે..!!"

"ઓ...હો...હો...હો..! અમારા ઝગડાથી તમે તો જાણે રાજી રાજી થઈ ગયા..! ઘર હોય એટલે વાસણ તો ખખડે જ..!!"

"અરે..! જુઓ તો ખરા..! આ તો ધબાધબ થાય છે... અમદાવાદ-રાજકોટ-જસદણ.... ચારેકોર તમારા ત્યાં અસંતોષની આગ લાગી છે..! પહેલાં ઘર સરખુ કરો... પછી ભાજપને ભાંડવાની વાત કરો..!!"

"હ...હં..! સાહેબ આપના ત્યાંય જો બધાનાં નાર્કો ટેસ્ટ કરાવો તો ખબર પડશે કે ક્યાં કેટલો અસંતોષ છે..?! એ તો સાહેબની ધાક અને સત્તાની લાલચ છે..!! એના કારણે બધુ સબ સલામત લાગે છે..!!"

"હા... એ તો જે ગણો તે અત્યારે તો જમાવટ છે ને..?! કાલે જોયું જશે..!"

"બહુ વિશ્વાસમાં છો..! અતિ વિશ્વાસ છે..!! પણ આગળના દિવસોમાં ખૂબ મોટી નવાજુની થવાની છે... એનુ ધ્યાન રાખજો..!!"

"કેમ..?! બીક બતાવો છો..?! અમને ઉની આંચેય નથી આવવાની..! આમને આમ પાંચ વરસ નીકળી જશે..!!"

"સારૂ... જુઓ સમય જ બતાવશે..! આ તમારા શિક્ષણમાં જે ભગા થઈ રહ્યા છે ને ?! એ છાપરે ચડીને ના પોકારે તો મને કહેજો... અને એવડુ મોટુ જન આંદોલન આકાર લઈ રહ્યું છે... એ તમારા ડેમેજ કંટ્રોલ અને સત્તાની સુફીયાણી વાતો કોઈ સાંભળશે નહીં..!"

"એવા તો કેટલાય આંદોલનો થયા ને શમી ગયા..! અમને આંદોલન કરતાંય આવડે છે અને આંદોલન સમેટાવતા પણ આવડે છે..!! એટલે અમારી ચિંતા કર્યા વગર તમે ત્યારે હાંકે રાખો..!!"

"સાહેબ..! હજુ પણ મોડુ થાય તે પહેલાં સુધારવાનો અવકાશ છે..! પહેલા ફી નિયમનનું સુરસુરીયુ થયું... પ્રવેશોત્સવ અને ગુણોત્સવના નાટકોનો પ્રભાવ કશું રહ્યો નથી... અને શિક્ષણના નામે વેપલો વકરી રહ્યો છે, ત્યારે પ્રજા પરેશાન છે..! શાનમાં સમજો તો સારૂ... બાકી તો..!!"

"ઓ...હો...હો... અમને તો ખબર જ નથી પડતી..!?! બધાં પ્રશ્નોથી અમે જાણકાર છીએ એના ઉકેલ પણ હાથ-વેંતમાં છે..!! કદાચ તમારા હવાતીયા વાતોમાં જ રહેશે..! અને અમે આ બધુ કરીને જ બતાવીશું..!!"

"જોઈએ..! ઉકેલ વ્હેલો આવે છે કે આંદોલન વહેલું આવે છે..! અત્યારે તો ગામે-ગામ અને શહેરે-શહેર સોશિયલ મિડીયામાં શિક્ષણની નીતિ સામે આંદોલનનો અવાજ ઉઠી રહ્યો છે..! આવનારા દિવસોનો અણસાર આવે છે... સમજો તો ઠીક..! નહીંતર નસીબ તમારા..!!"

"અ...હં... એટલે તમે પેલા આંદોલનકારી નેતાઓના સળવળાટથી આટલુ બધુ બોલો છો..?! એમ જ ને..?!"

"ના સાહેબ ના..!! હું કોઈની વકીલાત નથી કરતો..! પણ એટલું જરૂર કહું છુ કે આ રાજકારણના આટાપાટામાંથી શિક્ષણને બચાવવું જોઈએ... હજારો બાળકોના ભવિષ્યનો વિચાર કરવો જોઈએ... ગુજરાતના ભાવિ ઘડતરમાં ભાગ ભજવતા રાજકીય છાંટવાળ અપરિપક્વ નિર્ણયોથી કેટલું અને કેવું નુકશાન થશે એનો વિચાર કરો તેવી મારી વિનંતી છે..!!"

"ઓ હો...હો... એમાં લાગણીશીલ થઈ ગયાં... તમારી વાત સાથે મારે સો ટકા સહમત થવું પડે કે રાજકારણ મુક્ત શિક્ષણના વિચારનો સમય આવી પહોંચ્યો છે..."

"હા... સાહેબ...હા..!!"



વ્યૂહ રચના - લોકસભા ચૂંટણી માટે તમામ પક્ષો પ્રચાર શસ્ત્રો સજાવી રહ્યા છે... રણનિતી ઘડાઈ રહી છે... ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે મંગળવારે બપોરે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના સાનિધ્યમાં પ્રદેશ હોદ્દેદારોની મહત્વની બેઠક યોજાઈ હતી... અમિતભાઈએ સંગઠાનત્મક મહત્વના સૂચનો કરી પ્રદેશ પદાધિકારીઓને ચૂંટણીની વ્યૂહ રચના ઘડવા માર્ગદર્શન આપ્યું હતું...

# મંજૂરીઓમાં થતી ગરબડો નિવારવા મહેસુલી કેસોનો ડેટાબેઝ તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં મહેસુલી કેસોની સંખ્યા અને વિવિધ મહેસુલી મંજૂરીઓમાં થતી ગરબડોને નિવારવા માટે મહેસુલી કેસો અંગેનો ડેટા બેઝ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યના મહેસુલ તપાસણી કમિશ્નરશ્રીએ તાજેતરમાં તમામ જિલ્લાઓની તપાસને અંતે આ ડેટાબેઝ બે માસમાં તૈયાર કરવા માટેની કડક તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે મહેસુલી ટાઈટલની ચકાસણી વખતે ખુબજ જુના કેસ રજીસ્ટર તપાસીને અભિપ્રાય વિગતો આપવામાં થતા વિલંબને નિવારવા માટે તેમણે આ ડેટાબેઝ તૈયાર કરવાની કડક તાકીદ કરી હોવાનું જાણવા મળી રહેલ છે.

મહેસુલ વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગણોત કેસ, એ.એલ.સી. કેસ, જમીન સંપાદનને લગતા કેસ, અપીલ/રિવીઝન અરજી દાખલ થયેલ હોય તેવા કેસો, યુ.એસ.સી. હેઠળના કેસો, સીલીંગ, ફાજલ, ભુદાન, સરકારી, પડતર સરકારી ખરાબો, ગૌચર, ગામતળ, નદી-તળાવ, જળાશયો વિગેરેની જમીનના ચાલતા કેસો, અપીલો, રીવીઝન, જી.આર.ટી., મહેસુલ પંચ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટમાં કેસો પેન્ડીંગ હોય તેવા કેસોનો ડેટાબેઝ તૈયાર કરવા જણાવ્યું છે.

આ ડેટાબેઝ તાત્કાલિક અસરથી તૈયાર કરવાની કડક તાકીદ કરવામાં આવી છે એટલુ જ નહિ આ મુદ્દે આગામી દિવસોમાં કલેક્ટર કોન્ફરન્સમાં પણ ચર્ચા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ ડેટાબેઝનો આધારે જ આગામી દિવસોમાં બિનખેતી પરવાનગી અને વિવિધ મહેસુલી કેસોમાં મંજૂરી આપવાની પ્રક્રિયા હાથ ધરવાની દિશામાં સરકાર આગળ વધવા માગે છે. આ બાબતે તમામ જિલ્લા કલેક્ટરોને ખૂબ જ ગંભીર અને ચોકસાઈ સાથે વિગતો મોકલવા પણ કહેવામાં આવ્યું છે.

# ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અનામત અન્વયે ૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો

## વિજ્ઞાન પ્રવાહના ૧૫ વર્ગોમાં ૨૪૦ વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર હોવાછતા પ્રવેશ સંદર્ભે નિરસ ચિત્ર : માત્ર ૨૧ ફોર્મ જ ભરાયા

ગાંધીનગર તા ૨૬

શહેરની શાળાઓમાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અનામત પ્રવેશને અનુલક્ષી હાથ ધરાયેલી પ્રવેશ સંદર્ભે પણ નિરસતા છતી થઈ છે. અનામત કક્ષાના ૨૪૦ પ્રવેશ સામે માત્ર ૪૧ ફોર્મ ભરાયા હતા. જયારે ૨૧ જ ફોર્મ ભરાઈને પરત આવતા શહેરની ૬ ગ્રાન્ટેડ શાળાઓમાં ૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે.

ગાંધીનગર શહેરમાં ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન પ્રવેશોત્સવની ઉજવણી પુર્ણ થઈ ગઈ છે. ધોરણ -૧ અને ૯ માં વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે પ્રોત્સાહીત કરી શાળામાં પ્રવેશ આપવા માટેની પ્રક્રીયા હાથ ધરાઈ હતી. જયારે આ દરમિયાન અનામત પ્રક્રીયાને અનુલક્ષીને પણ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યા છે. નગરની ૬ ગ્રાન્ટેડ શાળાઓમાં અનામત અન્વયે ૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. ગાંધીનગરની શાળાઓમાં અનામત અન્વયે પ્રવેશ આપવા માટે પ્રક્રીયા હાથ ધરાઈ હતી. સુત્રોના જણાંવ્યા મુજબ ધોરણ -૧૧ વિજ્ઞાન

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ત્રીજીએ પોષણ અભિયાન અંગે રાજ્યકક્ષાની કાર્યશાળા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં કુપોષણ મુક્તિ અભિયાન અંગે રાજ્ય સરકારે અત્યંત ગંભીર વલણ અખત્યાર કરવા માટેનું મન બનાવી લીધુ છે. આ અંગે મહિલા-બાળ વિકાસ વિભાગ દ્વારા પોષણ અભિયાનને લઈ રાજ્યકક્ષાની કાર્યશાળા ૩જી જુલાઈના રોજ ગાંધીનગર ખાતે યોજવાનો નિર્ણય કર્યો છે.

મહાત્મા મંદિર ખાતે રાજ્યકક્ષાની આ કાર્યશાળામાં ભારત સરકારના અધિકારીઓ પણ ભાગ લેવા આવી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં આ પોષણ અભિયાનની કાર્યશાળા યોજાવાની છે. જેમાં રાજ્યમાં ચાલતી યોજનાઓ અંગે તેમજ હાલની રાજ્યમાં કુપોષણ મુક્તિ અભિયાનની ફલશ્રૃતિને લઈ ચર્ચા-વિચારણા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણીના નિકાલ માટે આયોજન

## ભારે વરસાદ દરમિયાન પાણી ભરાઇ જતા હોય તેવા પોઇન્ટ પર લાઇન સફાઇ અને નિકાલની વ્યવસ્થા યોગ્ય કરવા તંત્રનો સર્વે

ગાંધીનગર તા ૨૬

શહેરમાં પ્રથમ વરસાદના અંતે સેકટરોના આંતરિક માર્ગો પર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. નગરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણીનો ભરાવો વધુ થતો હોય તેવા ૬ પોઈન્ટ પર લાઈનની સફાઈ તેમજ પાણીનો ઝડપથી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ આયોજન કરાયુ છે.

શહેરમાં વરસાદી ઋતુની શરૂઆત સાથે જ સેકટરોમાં વરસાદી સમસ્યાઓ શરૂ થઈ ગઈ છે. જયારે સેકટરોમાં પેવર બ્લોકની આડેધડ કામગીરીના લીધે ઠેર ઠેર પાણી ભરાઈ જાય છે. પેવર બ્લોકના લીધે માર્ગો નીચાણમાં ધકેલાઈ જતા માર્ગો પર વરસાદી પાણી ફરી વળે છે. જયારે પાણીનો ભરાવો થતા રસ્તાના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. શહેરમાં મુખ્યમાર્ગો સિવાય સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પણ હજુ બાકી છે ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરવા માટે પણ હજુ અભ્યાસ ચાલી રહયો છે. હજુ પણ આ કાર્યયોજના આખરી થઈ નથી. જેના લીધે શહેરમાં આંતરિક વિસ્તારમાં ભારે વરસાદ દરમિયાન જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. આ ઉપરાંત નગરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતો હોય તેવા પોઈન્ટ પણ ઓળખી પાણીના નિકાલ માટે તંત્રની ટીમે અભ્યાસ હાથ ધર્યો હતો. નગરમાં પ્રથમ વરસાદના અંતે શહેરના મુખ્ય ઠેકાણે પાણી ભરાઈ ગયા હોવાનુ પણ સર્વેના અંતે ધ્યાને આવ્યુ છે. જેના અંતે પાણી ભરાઈ જતા હોય તેવા પોઈન્ટ ધ્યાને લઈ તંત્રએ આ ઠેકાણે લાઈનની યોગ્ય સફાઈ હાથ ધરવા માટે પણ આયોજન કર્યુ છે. જેમાં ચ-૫ , સે-૧૭ :૨૨ ઘ-૬ ,ઘ-૭, કલેકટર કચેરી સામે અને ગ-૨ પાસે વરસાદી પાણીનો ભરાવો વધુ થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેને અનુલક્ષી લાઈનની સફાઈ કરી પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ કામ હાથ ધરાયુ છે. સેકટરોમાં વરસાદી પાણીનો નિકાલ થાય તેવી વ્યવસ્થા આમ પણ નથી જયારે પેવર બ્લોકની કામગીરી પણ આડેધડ થતા સ્થાનિકો પણ રસ્તા પર પાણી ભરાઈ જતા મુશ્કેલી અનુભવી રહયા છે. પેવર બ્લોકના લીધે લેવલીંગ ખોરવાઈ જતા પાણીના ભરાવાથી અનેકવિધ સમસ્યાઓ ઉદભવી રહી છે. પાણીના ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી રહયો છે. ત્યારે આ મામલે પણ યોગ્ય કામગીરી હાથ ધરી આંતરિક માર્ગો પરથી પાણીનો નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા માટે માંગ ઉઠવા પામી છે.

# નગરની શાળાઓમાં સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે વિદ્યાર્થીઓને તાલીમ

ગાંધીનગર તા ૨૬

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે નગરની શાળાઓમાં સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને સલાતમીના પરિબળોને ધ્યાને લઈ તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં ફાયર બ્રિગેડ, અને ૧૦૮ સહીત વિવિધ સાત એજન્સીઓના તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને સલામતીના પાઠ શીખવવામાં આવી રહયા છે. વિદ્યાર્થીઓને આ વેળાએ કેવા પગલા લેવા તે માટે પણ તાલીમ આપવામાં આવી રહી છે.

ગાંધીનગરની શાળોમાં સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં શહેરી વિસ્તાર સહીતની શાળોમાં વિદ્યાર્થીઓને સલાતમી વ્યવસ્થા અંગે જુદી જુદી એજન્સીઓ દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. વિવિધ સાત જેટલી એજન્સી દ્વારા ફાયરબ્રિગેડ, ૧૦૮ અને એન ડી આર એફ સહીતની એજન્સીના તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. નગરની શાળાઓમાં અગાઉ પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં પણ જોડાયા હતા. પર્યાવરણ સપ્તાહ અન્વયે શાળા સફાઈ અને વૃક્ષારોપણ જેવા કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. હાલ નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓમાં સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં વિદ્યાર્થીઓને આગ વેળાએ તેમજ મુશ્કેલી કે આફત વેળાએ શુ પગલા લેવા તે અંગેની પણ સમજ પુરી પાડવામાં આવી રહી છે. શહેરની શાળાઓમાં વિવિધ સાત જેટલી એજન્સી દ્વારા આ તાલીમ આપવામાં આવી રહી છે.

# ગુજરાત આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખપદે કિરીટસિંહ ચાવડાની વરણી

ગાંધીનગર, તા. ૨૬

તાજેતરમાં ગુજરાત આરોગ્ય કર્મચારી મહાસંઘની ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના



કર્મચારી અગ્રણી કિરીટસિંહજી ચાવડાની પ્રમુખ તરીકે વરણી કરવા સાથે મહાસંઘના નવા હોદ્દેદારોની ઘોષણા કરાઈ છે.

અબ્દુલભાઈ ચૌહાણના અધ્યક્ષપદે મળેલ મહાસંઘની સાધારણ સભામાં આરોગ્ય વિભાગના જુદા જુદા સંવર્ગો ખાસ કરીને સુપરવાઈઝર પુ/સ્ત્રી, ફાર્માસીસ્ટ, લેબ. ટેકનીશયન, બી.આઈ.ઈ.સી.ઓ., મ.પ.હે., ફે.હે.વ. જેવા કર્મચારીઓના માન્ય મંડળોના પ્રશ્નોની ચર્ચા થઈ હતી અને સામુહિક લડત આપવા માટે મહાસંઘને સત્તા આપવામાં આવી હતી.

મહાસંઘની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ હોદ્દેદારો દરેક જિલ્લાનો પ્રવાસ કરી, પ્રશ્નો સમજી અને તે અંગે એક વિસ્તૃત આવેદનપત્ર તૈયાર કરી સરકારને આપશે.

મહાસંઘના હોદ્દેદારો જે વરાયા છે તેમાં પ્રમુખ તરીકે કિરીટસિંહજી ચાવડા, મહામંત્રી તરીકે વી.પી. જાડેજા (જામનગર), ઉપપ્રમુખ તરીકે બી.એન. પટેલ (પાટણ), એન.પી. દઢાણીયા (રાજકોટ), શ્રીમતિ ભારતીબેન ત્રિવેદી (ભાવનગર), અશ્વિનભાઈ પટેલ (સુરત), કન્વીનર તરીકે સુરેશભાઈ ગામી (તાપી), સહમંત્રી તરીકે શ્રી માધવસિંહજી (બનાસકાંઠા), શ્રી આર.જી. પટેલ અમદાવાદની નિમણુંક કરાઈ છે.

# આજે પ્રધાનમંત્રી ફસલ યોજના અંગે બાયસેગ દ્વારા ખેડૂત માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના-૨૦૧૮ અંગે આજે ખેડૂતોને માર્ગદર્શન અને તાલિમ આપવા માટે બાયસેગ દ્વારા એક ઓનલાઈન તાલિમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંજે ૪ થી ૫ દરમ્યાન યોજાનાર આ ઓનલાઈન તાલિમમાં કૃષિ અને સહકાર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્રની જોગવાઈઓ સહિતની વિવિધ બાબતોની જાણકારી આપવામાં આવનાર છે. બાયસેગ દ્વારા રજુ થનાર આ ઓનલાઈન તાલિમમાં ભાગ લેવા માટે તાલુકા મથકોએ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી

**કાન્તાબેન મણિલાલ રાવલ (ઈસનપુરમોટા)**

તા.૨૪-૦૬-૨૦૧૮નાં રોજ દેવલોક પામેલ છે.

**સદ્દગતનું બેસણું તા.૨૮-૦૬-૨૦૧૮ને ગુરૂવારનાં રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર, મો.૯૮૨૪૦ ૯૫૯૬૦**

મહેશભાઈ મણિલાલ રાવલ (પુત્ર) ઉમેશભાઈ મણિલાલ રાવલ (પુત્ર)
સ્વ.મુકુંદભાઈ મણિલાલ રાવલ (પુત્ર) શર્મિષ્ઠાબેન જસવંતરાય દવે (પુત્રી)
પ્રવિણભાઈ મણિલાલ રાવલ (પુત્ર) વીણાબેન ભરતકુમાર દવે (પુત્રી)
પિનાકીન મહેશભાઈ રાવલ (પૌત્ર) એડવોકેટ - ગુજરાત હાઈકોર્ટ
પ્રમુખ - સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com